647510 **MA0GujCC1010** **Seat No :________**

# M.A. (GUJARATI) Semester - 1 (*CBCS*) Examination
# Nov/Dec-2023 (SYLLABUS YEAR JUNE-2018)
# BHASHA KAUSHAL(CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ કવિતાનો આસ્વાદ કરાવો. (૧૪)

રહ્યાં વર્ષો તેમાં હૃદયભર સૌંદર્ય જગનું
ભલા પી લે, વ્હીલે મુખ ફર રખે, સાત ડગનું
કદી લાધે જે જે, મધુર રચી લે સખ્ય અહીંયાં,
નથી મારે માટે થઈ જ નિરમી 'દૃષ્ટ' દુનિયા
- અહો નારંગી અજબ દુનિયા ! શેં સમજવી?
તને ભોળા ભાવે કરું પલટવા, જાઉં પલટી,
અહંગર્તામાં હા પગ, ઉપરથી જાય લપાટી,
વિસારી હું ને જો વરતું, વરતે તુ મધુરવી.
મને આમંત્રે ઓ મૃદુલ તડકો, દક્ષિણ હવા,
દિશાઓનાં હાસો, ગિરિવર તણાં શૃંગ ગરવાં,
નિશાખૂણે હૈયે શશિકિરણનો આસવ ઝમે,
જનોત્કર્ષે - હ્રાસે પરમ ઋતલીલા અભિરમે.
-બધો પી આકંઠ પ્રણય ભુવનોને કહીશ હું,
મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું!

– ઉમાશંકર જોશી

અથવા

પ્રશ્ન.૧ કવિતાનો આસ્વાદ કરાવો.

કાળની કેડીએ ઘડીક સંગ,
રે ભાઈ, આપણો ઘડીક સંગ;
આતમને તોય જનમોજનમ લાગી જશે એનો રંગ !
ધરતીઆંગણ માનવીના આ ઘડીક મિલનમેળા,
વાટમાં વચ્ચે એકદી નકી આવશે વિદાયવેળા,
તો કેમ કરીનેય કાળ ભૂલે ના એમ ભમીશું ભેળા !
હૈયાનો હિમાળો ગાળીગાળીને વહશું હેતની ગંગ !
પગલે પગલે પાવક જાગે ત્યાં ઝરશું નેનની ઝારી,
કંકટપંથે સ્મિત વેરીને મ્હોરશું ફૂલની ક્યારી,
એકબીજાને જીતશું, રે ભાઈ, જાતને જાશું હારી !
ક્યાંય ન માય રે એટલો આજ તો ઊરને થાય ઉમંગ
કાળની કેડીએ ઘડીક સંગ,
રે ભાઈ, આપણો ઘડીક સંગ,
આતમને તોય જનમોજનમ લાગી જશે એનો રંગ !

- નિરંજન ભગત

પ્રશ્ન.૨ ગદ્યખંડનું સાર લેખન કરી યોગ્ય શીર્ષક આપો. (૧૪)

"સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું. સત્યમય થવાને સારુ અહિંસા એ જ એક માર્ગ છે એમ આ પ્રકરણોને પાને પાને ન દેખાયું હોય તો આ પ્રયત્ન વ્યર્થ સમજું છું. પ્રયત્ન વ્યર્થ હો પણ વચન વ્યર્થ નથી. મારી અહિંસા સાચી તોયે કાચી છે, અપૂર્ણ છે. તેથી મારી સત્યની ઝાંખી હજારો સૂરજને એકઠા કરીએ તો પણ જે સત્યરૂપી સૂરજના તેજનું પૂરું માપ ન મળી શકે એવા સૂરજના એક કિરણમાત્રના દર્શનરૂપ જ છે. એનું સંપૂર્ણ દર્શન અહિંસા વિના અશક્ય છે એટલું તો હું મારા આજ લગીના પ્રયોગોને અંતે અવશ્ય કહી શકું છું. આવા વ્યાપક સત્યનારાયણના પ્રત્યક્ષ દર્શનને સારુ જીવન પ્રત્યેની આત્મવત્ પ્રેમની આવશ્યકતા છે અને તે કરવાને ઈચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રે બહાર નથી રહી શકતો. તેથી જ સત્યની મારી પૂજા મને રાજ્યપ્રકરણમાં ખેચી ગઈ છે. ધર્મને રાજ્ય પ્રકરણની સાથે સંબંધ નથી એમ કહેનાર ધર્મને જાણતો નથી એમ કહેતાં મને સંકોચ નથી થતો. એમ કહેવામાં હું અવિનય નથી કરતો.'

– ગાંધીજી

અથવા

પ્રશ્ન.૨ ગદ્યખંડનું વિવરણ કરો.

"તમે કહેશો કે પરાક્રમનો યુગ હવે તો વીતી ચૂક્યો છે. આઝાદી આવી ગઈ, સંગ્રામ પૂરો થયો. એક રીતે વાત સાચી છે. પહેલાં તો હિંમત હોત, દેશ માટે કુરબાન થવાનો થનગનાટ હોત, તો પોલીસોની આગળ ઊભા થઈને સામી છાતીએ ગોળી ઝીલીને શહીદ બની શકત. પરાક્રમ ખરું, પણ પળભરનું, બંદૂક ફૂટી ને નામ અમર થયું, પરંતુ બીજું એક પરાક્રમ છે જેને માટે એક પળનો નહિ પણ વર્ષો સુધીનો ઉત્સાહ જોઈશે. બીજી દેશસેવા છે, જેની જાહેરાત દૈનિક છાપામાં ન આવે, ને જેનાં ફળ પ્રચારકોની નજરે ન ચઢે; બીજી એક દેશભક્તિ છે, જેને માટે સ્મારકો બંધાતાં નથી, ઇતિહાસનાં પાનાં ભરાતાં નથી, અને તો પણ એટલી જરૂરી મંગળ અને કલ્યાણકારી છે. આઝાદી પછી આબાદી, વિજય પછી વિકાસ, જન્મ પછી ઉછેર - આ ધીમું કામ છે, મૂકસેવાનું કામ છે. નિષ્કામ કર્મનું કામ છે. તમારી શક્તિ ને આવડત પ્રમાણે તમારા અભ્યાસક્ષેત્રમાં બને તેટલી સારી તાલીમ લઈને, એમાં નિષ્ણાત નીવડીને પ્રામાણિકતાપૂર્વક ને પ્રવીણતાપૂર્વક કામગીરી બજાવીને સમાજમાં કલ્યાણ, દેશમાં પ્રગતિ ને વિશ્વમાં શાંતિ લાવવા સતત પ્રયત્ન કરતા ને કરાવતા રહેશો તો તમારા એ ક્ષેત્રમાં, નાના કે મોટા પાયા ઉપર, તમે તમારું સાચું પરાક્રમ નોંધાવ્યું હશે, અને પૂરા સંતોષ સાથે તમે એનું સ્મરણ કરી શકશો, એની વાત કરી શકશો, એની પ્રેરણા ત્યારની નવી પેઢીને આપી શકશો."

– ફાધર વાલેસ

પ્રશ્ન.3 છંદ એટલે શું? તે સમજાવી તેની પાયાની સંજ્ઞા સાથે તેનાં વિવિધ પ્રકારોની ઉદાહરણ સાથે ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન.3 મંદાક્રાન્તા, મનહર, શાર્દૂલવિક્રીડિત, ચોપાઈ છંદ સદૃષ્ટાંત ચર્ચા કરો.

પ્રશ્ન.૪ અલંકાર એટલે શું? તે સમજાવી તેના વિવિધ પ્રકારોની વિગતે ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન.૪ અલંકારની વ્યાખ્યા આપી વર્ણાનુપ્રાસ, સજીવારોપણ, રૂપક અલંકારની સદૃષ્ટાંત ચર્ચા કરો.

પ્રશ્ન.૫ ટૂંકનોંધ લખો. (કોઇપણ બે) (૧૪)

1. પ્રૂફવાચનની મુખ્ય સંજ્ઞાઓ ઉદાહરણ સહિત સમજાવો.
2. જોડણીના નિયમો ટૂંકમાં જણાવો.
3. પ્રૂફવાચનના ત્રણ તબક્કા વર્ણવો.
4. અનુષ્ટુપ છંદ સદૃષ્ટાંત સમજાવો.

************************